

સાબરકાંઠાના પ્રાંતિજ નગરમાં આજે સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સિંધી ભાઈ-બહેનોએ પ્રાંતિજની ઉડી ફળી ખાતે આવેલ મંદિર ખાતે પૂજા-આરતી કરી ઝુલેલાલજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સિંધી સમાજના લોકો જોડાયા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## વડીલોને વંદન અભિનંદન



જે.સી. પરમાર
(૧૯૪૧) મો.૯૪૨૮૬૦૬૫૬૦



ભારતીબેન મહેશભાઈ
(૧૯૫૬) ફોન: ૨૩૨૪૩૮૩૦

# ઓછી હાજરી મુદ્દે વિદ્યાર્થીને પરીક્ષામાંથી બાકાત રખાયા

### રાય યુનિવર્સિટીમાં વાલીઓનો હોબાળો : પરીક્ષાની માંગ

અમદાવાદ, તા.૦૧

અમદાવાદના ધોળકા નજીક આવેલ રાય યુનિવર્સિટીમાં કેટલાક વિદ્યાર્થીઓને ઓછી હાજરીના કારણે પરીક્ષામાંથી બાકાત રાખવાનો નિર્ણય યુનિવર્સિટીએ કર્યો હતો. જેના પગલે આજે બપોરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને વાલીઓએ ભેગા થઈને હોબાળો મચાવ્યો હતો, તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવા માંગ કરાઈ હતી.

અમદાવાદના ધોળકા નજીક રાય યુનિવર્સિટી આવેલી છે. જેમાં ચાલુ મહિને પરીક્ષા લેવાનાર છે, પરંતુ આ પરીક્ષામાં સેમેસ્ટર દરમ્યાન ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને બાકાત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જેના પગલે વર્ષ બગડવાની બીકે વિદ્યાર્થીઓ અને વાલીઓ હવે મેદાનમાં આવી ગયા છે. આજે બપોરના સમયે યુનિવર્સિટી કેમ્પસમાં ૧૫૦ વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે ઉમટી પડ્યા હતા. આ વાલીઓ અને વિદ્યાર્થીઓના ટોળાએ યુનિવર્સિટી કેમ્પસમાં હોબાળો મચાવ્યો હતો. તેમણે ઓછી હાજરીને પુરી કરવા માટે યુનિવર્સિટી દ્વારા ફટકારવામાં આવેલ દંડનો વિરોધ કર્યો હતો. વાલીઓએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે યુનિવર્સિટી દ્વારા ઓછી હાજરીને પુરી કરવા માટે ગેરકાયદેસર નાણાં વસુલવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ મુદ્દે યુનિવર્સિટીના સત્તાધીશોને તેમણે રજુઆત કરી હતી કે અગાઉ પણ આ મુદ્દે વારંવાર રજુઆત કરવામાં આવી છે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા કોઈ પગલા ન લેવામાં આવતા આખરે આજે દેખાવો કરવામાં આવ્યા હતા. વાલીઓએ માંગ કરી હતી કે વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવી જોઈએ. તેમ છતાં જો યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય નહીં લેવાય તો ઉચ્ચસ્તરે રજુઆત કરવામાં આવશે.

# વેકેશનમાં બહાર ફરવા જતા પોલીસમાં જાણ કરવી પડશે

### બંધ મકાનોમાં ઘરફોડ, ચોરી, લૂંટના બનાવ હાલમાં વધી ગયા બાદ પોલીસ દ્વારા જાહેરનામુ જારી કરવામાં આવ્યું

અમદાવાદ, તા.૦૧

હાલ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ ચુકી છે અને ઉનાળુ વેકેશન પડી ગયું છે. ઉનાળાના વેકેશમાં લોકો વેકેશનની રજા માણવા વિવિધ સ્થળોએ જતા હોય છે. તેથી વેકેશનમાં બહાર ફરવા જતાં લોકોએ પોતે બહાર જઈ રહ્યા છે તેવી તેમના ઘરની સલામતી અંગેની જાણ પોલીસને કરવાની રહેશે. જેથી પોલીસ તેમના ઘરની આસપાસ પેટ્રોલીંગ વધારી તેમના ઘરની સુરક્ષા કરશે.

વાત એમ છે કે ગરમીની ઋતુ શરૂ થતા લોકો મુખ્યત્વે વેકેશનની રજા માણવા બહાર જતા હોય છે. લોકો બહાર રહેતા હોવાથી તેમના બંધ ઘરોમાં ચોરી થવાની સંભાવના રહે છે. ઉપરાંત ભૂતકાળમાં ઘરફોડ, ચોરી, લૂંટના બનાવો બનેલા હોવાથી પોલીસે જાહેરનામું પાડ્યું હતું કે જે તે વ્યક્તિ વેકેશનમાં બહાર જાય તેની જાણ પોલીસને કરવાની રહેશે. જેનાથી પોલીસને માહિતી રહે અને પોલીસ તેમના ઘરના આસપાસ પેટ્રોલીંગ વધારે તેમજ તેમના ઘરની સુરક્ષા કરી શકે. પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવા અર્થે ઝોન-૧ના ડીસીપી વીરેન્દ્રસિંગ યાદવે જણાવ્યું હતું કે જ્યારે પણ તમે ઘર બંધ ખરીને બહાર જાવ ત્યારે પોલીસ સ્ટેશનમાં જઈ નોંધણી કરાવો. જેથી પોલીસ ઘરની આસપાસ પેટ્રોલીંગ વધારશે, અને ચોરી થતી અટકાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસનો ઉપરોક્ત જૂનો ફતવો છે. દર વર્ષે ઘણા લોકો પોલીસ સ્ટેશનમાં જઈ નોંધણી કરાવે છે છતાં ઘણા કિસ્સામાં બંધ મકાનમાં ચોરી, લૂંટ જેવા બનાવો ઘટવાની જગ્યાએ વધ્યા છે, અને પોલીસ પેટ્રોલીંગના દાવા નિષ્ફળ સાબિત થાય છે.

## રાજકોટની જેલમાં કેદી પાસેથી મોબાઈલ મળ્યો

રાજકોટ, તા.૦૧

રાજકોટ જેલમાંથી ફરી એકવાર મોબાઈલ મળી આવ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેલમાંથી મોબાઈલ મળી આવવો જાણે સાવ સામાન્ય બની ગયું છે. આ વખતે રાજકોટ જેલમાં જેલવાસ ભોગવી રહેલા પાકા કામના કેદી પાસેથી એક મોબાઈલ ફોન અને ચાર્જર મળી આવતા જેલની સુરક્ષા સામે પ્રશ્નો ઉભો થયો છે. બે દિવસ અગાઉ સાંજના સમયે તપાસ દરમ્યાન બેરેક નંબર-ઉના યાર્ડ નંબર-આઈ માંથી હત્યાના આરોપમાં સજા ભોગવી રહેલા યાકુબ ઉર્ફે યાકુડો કાળુખાન પાસેથી મોબાઈલ તથા તેનું ચાર્જર મળી આવ્યું છે. આ મોબાઈલમાં સીમકાર્ડ મળી આવ્યો નહોતો. આ મામલા અંગે પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## રાજકોટમાં ફાયરિંગની વધુ એક ઘટના પ્રકાશમાં

રાજકોટ, તા.૦૧

રાજકોટ શહેરના કાલાવાડ રોડ ઉપર આવેલી ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયેલી બહેનની ખબરઅંતર પૂછવા ગયેલા વેપારી અને તેના મિત્ર ઉપર હુમલો કરાયા હોવાની ઘટનાથી સનસનાટી મચી જવા પામી છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર ગોળીબાર કરનારાએ તેમની ગાડીમાં તોડફોડ બાદ ફાયરીંગ કર્યું હતું.


# અમદાવાદની જુદી જુદી હોટલોમાં પેટાસ્તરનું ભોજન અપાય છે

### હેલ્થ વિભાગ દ્વારા દરોડા પાડીને ગુણવત્તા ચકાસવા માટે સેમ્પલ લેવાયા : પેટાસ્તરના સેમ્પલથી ભારે ખળભળાટ

અમદાવાદ, તા.૦૧

અમદાવાદ શહેરમાં લાલ દરવાજાની સીદી સૈયદની જાળી સ્થિતિ અગાશિયે નામની ગુજરાતી થાળીની રેસ્ટોરન્ટ છે. જેમાં કહેવાય છે કે શહેરના આર્થિક રીતે સંપન્ન પરિવારો આવી હોટલોમાં જવાનું પસંદ કરતા હોય છે. ઘરમાં કોઈ માંગલિક, કે અન્ય પ્રસંગ હોય તો આવા પરિવારો આવી મોંઘીદાટ હોટલોમાં પાર્ટીઓ રાખવાનું વધારે પસંદ કરતા હોય છે. અગાશિયે હોટલમાં કહેવાય છે કે મધ્યમ વર્ગનો માણસ પણ તે રેસ્ટોરન્ટાં જતાં પહેલા વિચારે છે, પરંતુ આ રેસ્ટોરન્ટ સ્પેશ્યલ આર્થિક રીતે સંપન્ન પરિવારો માટે હોટ ફેવરીટ છે, પરંતુ તે પરિવારો લોકોને જાણ નતી કે તેમને જમવામાં હલકી ગુણવત્તા વાળી મીઠાઈઓ પીરસવામાં આવી રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થોડા સમય બાદ અમુક હોટલ-રેસ્ટોરન્ટમાં હેલ્થ વિભાગ દ્વારા દરોડા પાડીને ખાવાની વસ્તુના ગુણવત્તા ચકાસવા સેમ્પલ લેવામાં આવે છે. તેવી જ રીતે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અગાશિયે હોટલનું માવાનું સેમ્પલ લેવામાં આવ્યું હતું, અને સેમ્પલ સબ સ્ટાન્ડર્ડ નીકળતાં જ ખળભળાટ થઈ ચુક્યો હતો. કોર્પોરેશનની નવરંગપુરા સ્થિત લેબમાં ટેસ્ટિંગ બાદ માવાનું સેમ્પલ સબસ્ટાન્ડર્ડ નીકળ્યું છે. જેના પગલે તંત્રએ અગાશિયેને નોટીસ ફટકારી છે. આર્થિક રીતે સંપન્ન લોકો ઉચ્ચ કિંમત ચુકવીને જમવા અર્થે જાય છે, છતાં આટલી ઉચ્ચ રકમના બદલામાં હોટલ તરફથી ખૂબ જ નિમ્ન પ્રકારનું જમવાનું પીરસવામાં આવે છે. અગાશિયે રેસ્ટોરન્ટમાંથી માવો, રેડ ચીલી પીકલ, ટોમેટો ગ્રેવી, મરચા પાઉડર, કોકોનેટ મિલ્ક, હળદર પાઉડર, દીવાની હાંડી, પનીર વગેરેના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાંથી માવાનું સેમ્પલ સબસ્ટાન્ડર્ડ નીકળતાં તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરમાં અગાશિયે સહિત શહેરની ૧૩ પ્રતિષ્ઠિત હોટલ-રેસ્ટોરન્ટના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાં અગાશિયેનું સેમ્પલ ફેલ જતાં નોટીસ ફટકારવામાં આવી છે. સંબંધિત પાર્ટીએ કોર્પોરેશનની નોટીસને ૩૦ દિવસમાં પડકારવો પડશે.



ચેટીચાંદના પ્રસંગે ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં ૧૦૮ દ્વારા ત્રણ લાખ કરતા પણ વધુ જિંદગી બચાવાઈ

અમદાવાદ, તા.૦૧

ગુજરાતમાં ૧૦૮ સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજથી થઈ અને ત્યારબાદ કટોકટીના સમયે હોસ્પિટલ પૂર્વેની સારવારનો એક અલગ યુગ રાજ્યભરમાં વિકાસ પામવા લાગ્યો. જીવીકેઈએમઆરઆઈ અને ગુજરાત સરકાર સાથે રહીને રાજ્યમાં વ્યાપક, ઝડપી, વિશ્વાસપાત્ર અને ઉચ્ચ ગુણવત્તાની ઈમરજન્સી સેવા પુરી પાડવાનાં ઉમદા ધ્યેય સાથે આગળ આવ્યા છે. આ સેવા એ ક્ષીણ અવસ્થામાં જીવતાં લોકોના પ્રતિસાદમાં ક્રાંતિ કરી છે, અને રાજ્યનાં આરોગ્ય સુચક આંકને પણ ખુબ અસર કરી છે. જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ આજે ગુજરાત સાથે ૧૬ રાજ્યોમાં કાર્યરત છે. અત્યાર સુધીમાં ૧૦૮ એ ૪૩ લાખ કરતા પણ વધુ ઈમરજન્સીને પ્રતિસાદ આપેલો છે અને ૩ લાખ કરતા પણ વધુ જીદંગી બચાવી છે.

જીવીકેઈએમઆરઆઈ-૧૦૮, દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨, એપ્રિલના રોજ ઈએમટી (ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન) ડે ની ધામધૂમથી ઉજવણી કરી હતી. તમામ જીલ્લામાંથી શ્રેષ્ઠ ઈએમટીને લોકોની કટોકટીના સમયે નિઃસ્વાર્થભાવે સર્મપિત જવાબદારી નિભાવવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જીવીકેઈએમઆરઆઈ ૧૦૮ આ અવસરે ઈએમટીની નિષ્ઠા અને ઉત્સાહપૂર્વકની કામગીરીની ખૂબ જ પ્રશંસા કરી હતી. હિરલ નાયક ઈએમટી, બનાસકાંઠા, આ અવસરે, મેમદપુરાનો સ્કુલનો ૭ વર્ષનો બાળક વસંત ગંભીર રીતે ઘવાયેલો હતો ઉચ્ચકોટીની હોસ્પિટલ પૂર્વેની સારવાર આપીને હોસ્પિટલ સુધી પહોંચાડી અને મહામુલી માનવ જીંદગી બચાવવા બદલ ૧૦૮ સેવીયર એવોર્ડથી સન્માનિત થયા હતા.

# નરેન્દ્ર મોદી સરકાર ખેડૂત વિરોધી માનસિકતા ધરાવે છે : મોઢવાડિયા

અમદાવાદ, તા.૦૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ આજે ભાજપ સરકાર ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, ભાજપ ખેડૂત વિરોધી માનસિકતા ધરાવે છે. સરકારની આકરી ઝાટકણી કાઢતા અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છ લાખ ખેડૂતોને વર્ષોથી વિજ કનેકશન વગર લટકાવી રાખવામાં આવ્યા છે. ગુજરાત દેશમાં એક માત્ર એવું રાજ્ય છે જ્યાં ખાતર પર ૪ ટકા વસુલાય છે. ગુજરાતમાં ખેડૂત વિરોધી કાનુન સિંચાઈ વિધયક પણ ભાજપ સરકાર લાવી છે. ગુજરાતમાં છેલ્લા ૧૩ વર્ષમાં લાખો એકર જમીન ખેડૂતો પાસેથી સંપાદન કરીને માનિતા ઉદ્યોગપતિઓને પાણીના ભાવે ભેટ ધરી દેવામાં આવી છે. નર્મદા યોજના હેઠળ ગુજરાતના ખેડૂતોના હક્કનું પાણીથી વંચિત રાખવા માટે પણ ગુજરાતની ભાજપ સરકાર જવાબદાર છે. ભાજપ અને તેના વડાપ્રધાનપદના ઉમેદવાર દ્વારા ધનસંગ્રહ ખંડણીના ભાગરૂપે ઉદ્યોગપતિના લાભાર્થે ખેડૂતોની કિંમત જમીન પડાવી લેવાના કારસાનો પર્દાફાશ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦માં સ્થાનિક ખેડૂતો અને અન્ય સામાજિક સંસ્થાઓના જન આંદોલનના કારણે ભાજપના ધારાસભ્ય, સંસદસભ્યને ભાજપ પક્ષની સરકારમાં પણ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ ઝોન (સર)માં ખેડૂતોની જમીન સંપાદન રોકવા માટે રજુઆતની ફરજ પડી હતી જેના ભાગરૂપે ખનીજ ખાણ-ઉદ્યોગમંત્રી સૌરભ દલાલો તા. ૮-૯-૨૦૧૦ના રોજ સત્તાવાર પત્ર દ્વારા કોઈપણ ખેડૂતોની કિંમતી જમીન એસઆઈઆરના હેતુમાં સંપાદન કરવાની થતી નથી. તેવું લેખિતમાં જણાવેલ. રાજ્યના મંત્રીના તા. ૮-૯-૨૦૧૦ના સત્તાવાર પત્ર બાદ ગુજરાત સરકારના ઉદ્યોગ ખાણ-ખનિજ વિભાગના તા. ૧૩-૨-૨૦૧૪ સરકારી ગેઝેટમાં ૨૪૧૪૩.૨૯૪ હેક્ટર એટલે કે ૬૦,૦૦૦ એકર જેટલી ખેડૂતોની કિંમતી જમીન પર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝઅન હજીરા વિસ્તારમાં જાહેર કરી દેવામાં આવેલ છે. ભાજપ સરકારના ઉદ્યોગમંત્રી, ભાજપ સરકાર અને લાભાર્થી ઉદ્યોગગૃહો વચ્ચે એવું તે કેવું ગણીત રચાયુ કે ૪૧ મહિનામાં જ ખેડૂતોની ૬૦,૦૦૦ એકર જેટલી જમીન સંપાદન માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. મોઢવાડીયાએ ભાજપની કાળાનાણાંની બુમરાળ સામે જવાબ માંગતા જણાવ્યં હતું કે, માનિતા ઉદ્યગપતિઓને ૬૦,૦૦૦ એકર જેટલી ખેડૂતોની કિંમતી જમીન માટે જાહેરનામું બહાર પાડીને ભાજપ સરાકરે ખેડૂતોની જીંદગી સાથે ક્રુર મજાક કરી છે. સુરત જીલ્લાના ઓલપાડના ૨૬ ગામો અને ચોર્યાસીના ૧૨ ગામોની કિંમતી જમીન સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝઅનના નામે પડાવી લેવા માટેની સરકારી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. હજારો ખેડૂતોના જીવન સાથે જોડાયેલ આ પ્રશ્નમાં ભાજપ સરકાર કાગળ ઉપર અલગ અલગ રમત રમી રહી છે. સુરત જીલ્લાના ઓલપાડના ૨૬ અને ચોર્યાસીના ૧૨ ગામોની ૬૦,૦૦૦ એકર કિંમતી જમીન સંપાદન કરવાના ભાજપ સરકારના કાળા કારનામા તાકીદે પરત લેવાની માંગણી કરતા ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોના ભોગે માનિતા ઉદ્યોગપતિઓને ભેટ ધરવાની ભાજપ સરકારની નીતિના કારણે ગુજરાતમાં આર્થિક અસમાનતા ઉભી થઈ છે.

## શબ્દાવલી - ૫૩૫૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ■ |
| | ■ | ૬ | | ૭ | ■ | ૮ | ૯ |
| | ■ | ૧૦ | | | ■ | ■ | |
| ૧૧ | ૧૨ | | | ■ | ૧૩ | ૧૪ | |
| ૧૫ | | ■ | ■ | ૧૬ | | | |
| ■ | ૧૭ | ૧૮ | ૧૯ | | ■ | ■ | ■ |
| ૨૦ | | | | ■ | ૨૧ | | ૨૨ |
| | ■ | | ■ | ૨૩ | | ■ | |

### આડી ચાવી

૧. બાજુ, લોકીટ (૪)
૪. નક્ષત્ર વગેરે પરથી નામ પાડે તે (૨)
૬. શાંતિ, ધૈર્ય (૩)
૮. જંગલ (૨)
૧૦. 'પયામ' શબ્દ આડોઅવળો (૩)
૧૧. મસ્તી, મજાક, તોફાન (૪)
૧૩. કાજળ (૩)
૧૫. નાડી, રગ (૨)
૧૬. તાડનું પત્તુ (૪)
૧૭. પ્રવાહી (૪)
૨૦. ધનવાન (૪)
૨૧. સગુન (૩)
૨૩. વૃદ્ધાવસ્થા (૨)

### ઊભી ચાવી

૧. શ્રીકૃષ્ણનું બાળ સ્વરૂપ (૫)
૨. વહેતુ નહિ તેવું (૪)
૩. ધીરજ, શાંતિ (૪)
૫. શિવજી (૨)
૭. યમ (૨)
૯. નોરતા (૪)
૧૨. રાસક્રિડા (૪)
૧૩. કેડ, કમર (૨)
૧૪. જાપ, રટણ (૨)
૧૬. ખજુર જેવું ઊંચુ વૃક્ષ (૨)
૧૮. કામઠુ, ધનુષ (૩)
૧૯. વસિયત (૨)
૨૦. નીડ, ઘોંસલા (૨)
૨૧. શુરવીર (૨)
૨૨. પાણીની ચકલી (૨)

### શબ્દાવલી ૫૩૫૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાઘડી (૩) પરિહાસ (૭) વડી (૮) પર્સનાલીટી (૯) ડેયા (૧૦) વસિયત (૧૪) ભારત (૧૪) ભારત (૧૫) ઇલા (૧૭) ઓરતો (૧૯) કડકાબાલુસ (૨૨) લકુટી (૨૩) ઓડકાર

**ઊભી ચાવી :-** (૧) પાવડો (૨) ઘડીયાળ (૩) પર્સ (૪) રીના રોય (૫) હાલી (૬) સટીક (૮) પરવર (૧૧) સિત (૧૨) તસ્કર (૧૩) સાઇકલ (૧૬) લાડકુ (૧૭) ઓસડ (૧૮) તોખાર (૨૦) કાટી (૨૧) લુઓ

## કંપની સમાચાર

### રામરાજ કોટનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ભારતીય ક્રિકેટર રવિચંદ્રન અશ્વિનની નિમણૂક

દક્ષિણ ભારતની કોટન ક્ષેત્રે અગ્રણી રામરાજ કોટને ૩૦ વર્ષ સુધી પુરુષોની કોટનની વિવિધ ડિઝાઈનર ધોતીમાં રાજ કર્યા બાદ હવે યુવાનોને આકર્ષવા ભારતીય ક્રિકેટ ટીમના જાણીતા ક્રિકેટર રવિચંદ્રન અશ્વિનની બ્રાન્ડ એમ્બેસેડર પસંદગી કરી છે. કંપની દ્વારા યુવાઓને ધ્યાનમાં રાખીને રામરાજ વ્હાઈટ કોટનની રજુઆત કરવામાં આવી છે.

રામરાજ કોટનના સ્થાપક અને ચેરમેન કે.આર. નાગરાજને જણાવ્યું હતું કે, 'ધોતી, શર્ટ અને ઈનર વીયરમાં રામરાજ કોટન અગ્રીમ સ્થાન ધરાવે છે. કંપનીના મોટાભાગનો બજાર હિસ્સો દક્ષિણ ભારતના રાજ્યોમા છે. જે માટે ક્વોલિટી ફાયનાન્સ મેનેજમેન્ટ, ક્વોલિટી પ્રોડક્ટ, ક્વોલિટી એડમિનિસ્ટ્રેશન, માર્કેટિંગ સ્ટ્રેટેજી અને જાહેરાત જેવા પાંચ મુખ્ય પરિબળો કારણભુત છે. પરંપરાગત છબિમાંથી બહાર નીકળીને યુવાઓની બ્રાન્ડ બનવા માટે રામરાજ કોટન દ્વારા યુવાઓના એટિટ્યૂડને રજૂ કરતી વ્હાઈટ શર્ટની નવી શ્રેણી રજુ કરવામાં આવી છે.'

રામરાજ કોટનના બ્રાન્ડ એમ્બેસેડર રવિચંદ્રન અશ્વિને જણાવ્યું હતું કે, 'શુદ્ધતા, નીતિમત્તા, પ્રતિબદ્ધતા અને અગ્રણી બ્રાન્ડ સાથે સંકળાતા મને આનંદ થાય છે. રામરાજ દક્ષિણ ભારતીયોના વોર્ડરોબમાં દાયકાઓથી જોવા મળે છે. રામરાજ કોટને તામિલનાડુ અને દક્ષિણ ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક પુરી પાડી હોવાથી મને ઘણો આનંદ છે. સફેદ કલર ઊર્જા, ઉત્સાહ અને આનંદનું પ્રતિક છે. રામરાજ સ્વદેશીમાં માને છે અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણોની પ્રોડક્ટોને ભારતીય કિંમતમાં રજૂ કરે છે.

યુવાઓને આકર્ષવા માટે રામરાજ કોટન દ્વારા રૂ. ૬૦૦ થી રૂ. ૬૦૦૦ સુધીની રેન્જમાં વ્હાઈટ શર્ટની વિશેષ રજૂઆત કરવામાં આવી છે. કંપની ભારતભરમાં પોતાનો ફેલાવો વધારવા ૫૦ કરોડનું રોકમ કરીને શર્ટની દૈનિક ઉત્પાદન ૧૦,૦૦૦ થી વધારીને ૩૦,૦૦૦ કરવા માંગે છે.

# બે ગુનેગારને પકડી પડાતા ચાર ગુનાનો ભેદ ઉકેલાયો

અમદાવાદ, તા.૦૧

અમદાવાદ ક્રાઈમબ્રાંચે ૩૦ જેટલા ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલા રીઢા ઘરફોડ ચોરી હકિમસિંગ ઉર્ફે કાળીયો તથા તેનો સાગરીત રૂપલાલ દિવાકરને ચોરીના રૂા. ૩.૧૦ લાખના સોનાના ચાર ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

પોલીસે અગાઉ રીઢા ઘરફોડ ચોર વિરપાલ ઉર્ફે બબલુ શંભુદયાલ સકસેનાને તથા તેના બે સાગરીતોને પકડી પાડ્યા હતા, ત્યારે મેઘાણીનગર પોલીસ મથકના ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો હતો. આ ગુનાના વોન્ટેડ આરોપી હાકિમસિંગ ઉર્ફે કાળીયાની તપાસમાં હતા ત્યારે તેને બાતમીના આધારે માણેકચોક ચાંદલા પોળ નાકેથી પકડી પડાયો હતો. તેમજ તેના સાથે તેનો સાગરીત રૂપલાલ ઉર્ફે આરપી પ્રભુદાસ દિવાકરને પણ ચોરીના મુદ્દામાલ ૩.૧૦ લાખ સાથે પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ આરોપીની કડક પૂછપરછ કરતા તેણે મેઘાણીનગર પોલીસ મથકના વિસ્તારમાંથી છેલ્લા ત્રણ મહિનામાં ચાર જેટલા ઘરફોડ ચોરી કરી હોવાનું કબુલ્યું છે.

આરોપી હાકીમસિંગ ઉર્ફે કાળીયો વર્ષ ૨૦૦૮ થી આજદીન સુધીમાં શહેરના પૂર્વ વિસ્તારમાંથી આશરે ત્રીસેક જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે તેમજ આ ગુનાઓ સબબ તેને પાસા અટકાયતમાં પણ રાખેલ હતો. અગાઉ ભૂજથી મુદતે આવતો હતો તે દરમ્યાન પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ હતો. ભૂજ જેલમાંથી છુટીને છેલ્લા ત્રણેક માસના સમયગાળામાં તેણે મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચારેક ઘરફોડ ચોરી કરી હતી. અન્ય આરોપી રૂપલાલ ઉર્ફે આરપી દિવાકર અગાઉ ગાંધીનગર તેમજ અમદાવાદ શહેરમાં આઠેક જેટલા બોગસ માર્કશીટ બનાવવાના ગુનાઓમાં પકડાયેલ છે. છેલ્લા ચાર મહિનાથી હાકિમ કાળીયા સાથે રહી ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં મદદ કરે છે.